અમદાવાદના મેયર તરીકે કિરીટ પરમારની પસંદગી

ગીતા પટેલ ડેપ્યુટી મેયર બન્યાં : સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન પદે હિતેશ બારોટનું નામ જાહેર જ્યારે દંડક તરીકે અરુણસિંહ રાજપૂતના નામની જાહેરાત

અમદાવાદ,તા.૧૦

મહાનગરપાલિકાઓની ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હોદેદારોના નામોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં મેયર તરીકે કિરીટ પરમારના નામની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત ડેપ્યુટી મેયર પદ માટે ગીતાબેન પટેલના નામની જાહેરાત કરવામાં આવી છે. શાસક પક્ષના નેતા તરીકે ભાસ્કર ભટ્ટના નામની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે હિતેશ બારોટનું નામ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે દંડક તરીકે અરુણસિંહ રાજપૂતના નામની જાહેરાત કરવામાં આવી છે. મેયર પદ માટે નામની જાહેરાત બાદ કિરીટ પરમારે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, મારા નામની જાહેરાત કરીને ભારતીય જતા પાર્ટીએ એવો સંદેશ આપ્યો છે કે, ચાલીમાં ભાડુઆત તરીકે રહેતો કાઉન્સિલર પણ મેયર બની શકે છે. નાના કાર્યકરની પણ પાર્ટીએ કદર કરી છે. આવું ભારતીય જનતા પાર્ટીમાં જ બની શકે છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન બનેલા હિતેશ બારોટે જણાવ્યું હતું કે, પક્ષે મને જ જવાબદારી સોંપી છે તેને નિભાવવા માટે હું તૈયાર છું. અમારી પ્રાથમિકતા-નળ, ગટર અને પાણી રહેશે. આ માટે જે કરવું પડશે તે કરીશું. વડાપ્રધાન નરેન્દ્રભાઈની આગેવાનીમાં અમદાવાદ દેશભરમાં રોલ મોડલ બને તેવા કામ કરીશું. મેયર તરીકે પસંદગી પામેલા કિરીટ પરમાર છેલ્લી ત્રણ ટર્મથી ઠક્કરબાપા નગરમાં કાઉન્સિલર તરીકે ચૂંટાઈ આવે છે. તેઓ સંઘ સાથે જોડાયેલા છે, એક નાના કાર્યકરમાંથી મેયર પદ સુધી પહોંચ્યા છે. તેઓ વિવાદોથી હંમેશા દૂર રહ્યા છે. તેઓને ગોરધન ઝડફિયા જૂથના માનવામાં આવે છે. જ્યારે ડેપ્યુટી મેયર બનેલા ગીતાબેન પટેલ નારણપુરા વોર્ડમાંથી કાઉન્સિલર છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન બનેલા હિતેશ બારોટને અમિત શાહના ખાસ માનવામાં આવે છે. હિતેશ બારોટ થલટેજ વોર્ડમાંથી વિજેતા થયા છે. હિતેશ બારોટ અમદાવાદ શહેર ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ પદે રહી ચૂક્યા છે.

નવા મેયર કિરીટ પરમાર રહે છે 'ચાલી'માં

અમદાવાદના નવા મેયરની જાહેરાત કરવામાં આવી છે. કિરીટ પરમાર અમદાવાદના નવા મેયર બન્યા છે. ઠક્કરબાપાનગર વોર્ડના ઉમેદવાર કિરીટ પરમાર પર પ્રદેશ ભાજપે પસંદગીનો કળશ ઢોળ્યો છે. ત્યારે ડેપ્યુટી મેયર તરીકે નારણપુરા વોર્ડના ગીતા પટેલની વરણી થઈ છે. મેયર તરીકે કિરીટ પરમારના નામની ચર્ચા પહેલેથી જ ચાલી રહી હતી. હવે પક્ષ દ્વારા પણ તેમની જ પસંદગી કરાઈ છે.

હિતેશ બારોટને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન બનાવાયા છે. આ સાથે જ નવા શાસકોના નામની જાહેરાત કરાઈ છે. શાસક પક્ષના નેતા તરીકે ભાસ્કર ભટ્ટની વરણી કરવામાં આવી છે. તો ભાજપના દંડક તરીકે ચાંદખેડા વોર્ડના અરુણસિંહ રાજપૂતની પસંદગી કરાઈ છે. કિરીટ પરમારની વાત કરવામાં આવે તો તેઓ વર્ષથી સંઘ સાથે જોડાયેલા છે. તેઓ એક નાના કાર્યકરમાંથી મેયર પદ સુધી પહોંચ્યા છે. પહેલીવાર તેઓ પોટલિયા વોર્ડથી ચૂંટણી જીત્યા હતા. તેમની ઘર ચાલીમાં આવેલું છે. તેઓ ૯૨, વિરાભગતની ચાલી, ભીડભંજન હનુમાન પાછળ, બાપુનગરમાં છાપરાવાળા મકાનમાં રહે છે.

સમાચાર રફતાર

- રાજ્યમાં નાગરિકોએ માસ્ક નહી પહેરવા બદલ ૧ અબજ ૬૮ કરોડ દંડ ભર્યો.
- લાલુ યાદવની રજાઈ અને તકીયો જેલમાંથી કોઈ ચોરી ગયુ.
- પશ્ચિમ બંગાળના ડીજીપી વિરેન્દ્રસિંહની બદલી કરાઈ.
- આઈપીએસ નિર્જન્યન નવા ડીજીપી બન્યા.
- લોકસભા અને રાજ્યસભામાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારા મામલે હંગામો થતાં ૧૫મી માર્ચ સુધી સ્થગિત કરાઈ.
- સોમનાથ ટ્રસ્ટને બે આંતરરાષ્ટ્રીય એવોર્ડ અપાશે.
- આઝાદીના અમૃત મહોત્સવના શુભારંભ કાર્યક્રમમાં અમેરિકાના પ્રમુખ બાઈડન અને જાપાન અને અને ઓસ્ટ્રેલીયાના પ્રમુખો ઓનલાઈન જોડાશે.
- કેરળ કોંગ્રેસના સીનીયર નેતા પી.સી. ચાકોએ પક્ષમાંથી રાજીનામુ આપ્યુ.
- સાંસદ મોહન ડેલકરની આત્મહત્યા કેસમાં ગંવડીના પ્રશાસક અને ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી પ્રફુલ્લ પટેલ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ.
- વડનગર નગરપાલિકાનુ નામ બદલી નરેન્દ્ર દામોદરદાસ મોદી રાખવા આવેદનપત્ર અપાયુ.
- હિમાચલપ્રદેશની ખીણમાં ખાનગી બસ ખાબકતા સાતના મોત, દસને ઈજા.

રાજ્યમાં કૂદકે ને ભૂસકે વધતા કોરોનાના કેસ, નવા ૬૭૫ કેસ નોંધાયા

રાજ્યમાં ૨૪ કલાકમાં એક પણ વ્યક્તિનું મોત નહી : અત્યાર સુધીમાં કુલ ૨૬૭૨૫૦ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૧૪૭ કેસ

ગાંધીનગર,તા.૮

હવે કોરોનાનો પ્રકોપ વધતો જઈ રહ્યો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૬૭૫ કેસ નોંધાયા છે તો તેની સામે રાજ્યમાં ૨૪ કલાકમાં ૪૮૪ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી હવે કોરોના મહામારીમાં રાજ્યમાં કુલ ૨૬૭૨૫૦ દર્દીઓ કોરોનાને હરાવવામાં સફળ રહ્યાં છે. જેથી રાજ્યનો રિકવરી રેટ પણ ૯૭.૧૧%એ પહોંચ્યો છે. રાજ્યમાં નવા કેસમાંથી અમદાવાદમાં ૧૪૭, સુરતમાં ૧૭૯, વડોદરામાં ૧૦૭ તેમજ રાજકોટમાં ૭૯ દર્દીઓનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્યમાં કુલ ૩૫૨૯ એક્ટિવ કેસમાંથી ૪૭ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૩૪૮૨ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાના કારણે આજે એકપણ મોત નોંધાયેલું નથી. જેથી રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૪૪૧૮એ પહોંચ્યો છે. અત્યાર સુધીમાં ગુજરાતમાં ૨,૬૭,૨૫૦ દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૭,૧૩,૪૬૭ વ્યક્તિઓને પહેલા ડોઝનું અને ૪,૧૯,૭૯૮ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પૂર્ણ થયું છે. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫થી ૬૦ વર્ષની ગંભીર બીમારી ધરાવતા કુલ ૫૭,૨૭૭ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. બોટાદ, ડાંગ, પોરબંદર અને વલસાડ એમ કુલ ૪ જિલ્લામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી.

મંડાર ચેકપોસ્ટ પર ગુજરાતમાંથી રાજસ્થાનમાં પ્રવેશતા મુસાફરોનું ચેકીંગ

સતત ત્રીજા દિવસે પણ ગુજરાતના ગુંદરી નજીક રાજસ્થાનની મંડાર ચેકપોસ્ટ પર મંડાર પોલીસ અને મંડાર ગ્રામ પંચાયતના સહાયકો દ્વારા ગુજરાતમાંથી કેરળ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના મુસાફરો રાજસ્થાનમાં પ્રવેશ કરતાં વાહનોને રોકાવી તેમની પાસે ૭૨ કલાક પહેલાં કરેલ કોરોના ટેસ્ટની ચકાસણી કરી પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. વળી, મંડાર પોલીસ દ્વારા વાહન ચાલકની હિસ્ટરી પૂછ્યા બાદ જો મહારાષ્ટ્ર પાસીગ કે ગુજરાત પાસીગની ગાડી હોય અને લોકલ હોય તો જવા દેવામાં આવે છે અને જો બહારના હોય પણ ઘણા સમયથી રહે છે કે નહિ ? તેની હીસ્ટરી ચેક કરી જો તેમની પાસે કોરોના રિપોર્ટ ન હોય તો કરાવ્યા બાદ રાજસ્થાનમાં પ્રવેશ આપવામાં આવે છે.

પોલીસ વિભાગ જ ભ્રષ્ટાચારથી ખદબદતો હોય ત્યાં ફરિયાદ કોને..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

સાબરકાંઠાના સુરક્ષા સેતુ ગ્રાન્ટની ઓડીટ ન કરાવતાં અરવલ્લી પોલીસ વડા કચેરીનો કારકૂન ફરજ મોકુફ

તપાસ દરમિયાન ભ્રષ્ટાચાર બહાર આવવાની વકી, ખુદ પોલીસ વિભાગ કંઈ બોલવા તૈયાર નથી

સાબરકાંઠા પોલીસને સુરક્ષા સેતુ અંતર્ગત વર્ષ-૨૦૧૨ થી કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી પરંતુ ગ્રાન્ટ આવ્યા પછી ઓડીટ ન કરાવતાં અનિયમિતતા સામે આવી છે જેથી હાલ અરવલ્લી પોલીસ વડા કચેરીમાં ફરજ બજાવતા કારકૂન ચિરાગ કે. પંચાલને ફરજ મોકૂફનો આદેશ થતાં પોલીસ બેડામાં સન્નાટો વ્યાપ્યો છે. સુરક્ષા સેતુ કાર્યક્રમ હેઠળ આવતી ગ્રાન્ટ ઓહીયા થતી હોવાની ફરિયાદ લાંબા સમયથી ચાલતી હતી છતાં અત્યારે માત્ર ઓડીટ ન કરાવી અનિયમિતતા દાખવવા બદલ કાર્યવાહી થયાનું બિનસત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે.

ઉત્તર ગુજરાત આમ તો વડાપ્રધાનનું માદરે વતન ગણાય પરંતુ પ્રધાનમંત્રી આવાસ યોજના, શિક્ષક ભરતી કૌભાંડ, પાઠ્યપુસ્તક વેચી મારવાં સહિતનાં કૌભાંડ ખાસ કરીને સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નોંધાયાં છે. આ સંજોગોમાં ખુદ પોલીસ જ ભ્રષ્ટાચારીને શોધવાના બદલે પોતે જ ભ્રષ્ટાચારની ઉધઈમાં આવી હોય તેવું જાણવા મળ્યું છે. અગાઉ સાબરકાંઠા પોલીસ વડા કચેરીમાં ફરજ બજાવતા કારકૂન ચિરાગ પંચાલ દ્વારા વર્ષ-૨૦૧૨ થી ફાળવવામાં આવેલી ગ્રાન્ટમાં ભારે અનિયમિતતા દાખવી હોવાની વિગતો સામે આવી હતી. ૯ વર્ષ પછી પણ કેટલું ઉચાપત કૌભાંડ છે તે પ્રકાશમાં આવ્યું નથી પરંતુ ઓડીટ ન કરાવી અનિયમિતતા આચરવાના કારણોસર હાલ અરવલ્લી પોલીસ વડા કચેરીમાં ફરજ બજાવતા કારકૂનને ફરજ મોકૂફ કરી દેવાયા છે. અરવલ્લી જિલ્લામાં પોલીસની પનોતી બેઠી હોય તેમ અગાઉ દારૂ વેચવાના પ્રકરણમાં ૭ પોલીસ કર્મી અને ૧ પી.એસ.આઈ.ને જેલમાં મોકલવામાં આવ્યા હતા ત્યારબાદ બુટલેગર પાસેથી લાખો રૂપિયાની લાંચ પ્રકરણમાં પોલીસ કર્મચારીની સંડોવણી અને ત્યારબાદ અરવલ્લી એલ.સી.બી. પી.આઈ. સહિત બે પોલીસ કર્મીઓની દારૂ પ્રકરણમાં સંડોવણી બહાર આવતાં પ્રજા કોના ઉપર વિશ્વાસ રાખે તેવી સ્થિતી પેદા થઈ છે.

સુરક્ષા સેતુના બીલ ચેક કરવામાં આવે તો અનહદ ભ્રષ્ટાચાર બહાર આવશે

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા દરેક જિલ્લામાં પોલીસ અધિક્ષકની કચેરીને સુરક્ષા સેતુ હેઠળ મહિલા ડીફેન્સ, સ્ટુડન્ટ પોલીસ કેડેટ, મહિલા સ્વરક્ષણ તાલીમ, ઝૂંપડપટ્ટી બુટલેગરો માટે કાઉન્સિલીંગ, ધો.૧૦-૧૨ ના વિદ્યાર્થીઓ માટે કારકીર્દી માર્ગદર્શન, ટ્રાફીક અવરનેશ સહિતના કાર્યક્રમોના આયોજનો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે પરંતુ સાબરકાંઠા જિલ્લામાં વર્ષ-૨૦૧૨ થી અત્યાર સુધીમાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. પરંતુ જે તે સમયના જવાબદારોએ ઓડીટ કરાવ્યું નથી તેની તપાસમાં વેગ આવ્યા પછી અરવલ્લી પોલીસ વડા કચેરીમાં ફરજ બજાવતા કારકૂનને ફરજ મોકૂફનો આદેશ કરાયો છે પરંતુ તપાસ પછી કેટલું મોટું કૌભાંડ બહાર આવશે તેની લોકચર્ચા છેડાઈ છે.

ચિરાગ પંચાલનો કંઈપણ કહેવાનો ઈન્કાર

સુરક્ષા સેતુ ગ્રાન્ટના હિસાબોની અનિયમિતતા બાબતે અરવલ્લી પોલીસ વડા કચેરીમાં ફરજ બજાવતા કારકૂન ચિરાગ પંચાલને ફરજ મોકૂફ કરાયા છે તેમનો સંપર્ક કરતાં તેઓએ આ મુદ્દે કંઈપણ કહેવાનું ટાળ્યું હતું. જો સમાહ અગાઉ ફરજ મોકૂફ કરાયો હોય તો પોલીસ વડા કચેરીમાં તેમની હાજરીનું કારણ શું હોઈ શકે..??

જિલ્લામાં જામતો ઉનાળો, ૧૫ માર્ચ સુધીમાં તાપમાનનો પારો ૪૦ ડીગ્રીને આંબે તેવી દહેશત

કોરોના સામે બાથ ભીડતી પ્રજા સામે હજુ અનેક પડકાર

રાજ્યમાં પરોઢે ઠંડી અને બપોરે ગરમીના કારણે મિશ્ર ઋતુ હાવી થઈ છે જેના કારણે સાબરકાંઠા, અરવલ્લીમાં પણ વાયરલ બિમારીનું પ્રમાણ વધ્યું છે. આગામી સમાહમાં ઉત્તર ગુજરાત સહિત કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે પરંતુ તા.૧૫ માર્ચ સુધીમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને આંબે તેવી દહેશત છે. કોરોના સામે બાથ ભીડતી પ્રજાને હજુ વધુ પડકારોનો સામનો કરવો પડી શકે છે.

જિલ્લાના હવામાનમાં અગાઉ અણધાર્યા અનેક ફેરફારો જોવા મળ્યા છે. પળે પળે કરવટ બદલતી મોસમથી માનવ આરોગ્ય ઉપર એક તબક્કે જોખમ ઉભું થયું હતું. મિશ્ર ઋતુના માહોલના કારણે ઘેર..ઘેર બિમારીના ખાટલા ઢળાયા હતા પરંતુ હવે ઉનાળો પાટે બેસતો હોય તેવો માહોલ અનુભવાઈ રહ્યો છે. તાપમાનમાં ગરમીનું પ્રમાણ અનુભવાતાં વાતાવરણ અનુકુલિત યંત્રો ફરતાં કરવાની પ્રજાને ફરજ પડી છે. ઉનાળાએ ડગ માંડ્યા હોય તેમ બપોરે તાપમાનનો પારો ઉંચકાતાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આગામી સમયમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને આંબે તેવી દહેશત જાણકારોએ વ્યક્ત કરી છે. આ વર્ષે શિયાળા દરમ્યાન કમોસમી માવઠાં પછી સૌથી વધુ કાતિલ ઠંડીનો અનુભવ પ્રજાએ કર્યો હતો તે જ રીતે આગામી સમયમાં ઉનાળો આક્રમક બનવાની સંભાવના બદલાતા વાતાવરણ ઉપરથી જણાઈ રહી છે. કોરોના સામે વહીવટી તંત્ર અને પ્રજા બાથ ભીડવામાં વ્યસ્ત છે ત્યાં હવે ગરમીનો પ્રકોપ નવો પડકાર લઈને સામે આવે તેવું ચિત્ર ઉપસ્યું છે.

વિજયનગરના સરસવના છૂટક મજૂરી કરી ગુજરાન ચલાવતા શખ્સનું અજાણ્યા ઈસમે ઘર સળગાવ્યું

હિંમતનગર, તા.૧૦

વિજયનગર તાલુકાના સરસવ ગામના રહીશ અને ગાંધીનગર નજીક પેથાપુર લીંબોડીયા વાસમાં છૂટક મજૂરી કરતા શ્રમજીવીના સરસવ ખાતેના ઘરને કોઈ અજાણ્યા શખ્સે આગ ચાંપતા ઘરમાં પડેલા ગોદડાં-કપડાં અને ઘરવખરી બળી જતા અંદાજે રૂ.પાંચ હજારથી વધુ રકમનું નુંકસાન થયું હતું.મજૂરી કરી પેટિયું રળતા અને પરિવારનું ગુજરાન ચલાવતા સરસવના આ શ્રમજીવીએ અંગે અજાણ્યા શખ્સ વિરુદ્ધ વિજયનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

વિજયનગરના સરસવના છૂટક મજૂરી કરતા પ્રકાશકુમાર બચુભાઈ અસારી (હાલ રહે.લીમ્બોડીયાવાસ, પેથાપુર ,ગાંધીનગર) એ નોંધાવેલ ફરિયાદ મુજબ આ કામના કોઈ અજાણ્યા આરોપી ઈસમએ બદઈરાદાથી ફરી.ના ઘરમાં પ્રવેશ કરી અને ફરી.નું ઘર સળગાવવા ઘરમાં પડેલ ગોદડા તથા કપડા તથા બીજી સામગ્રી સળગાવી આશરે રૂપિયા પાંચ હજાર નું નુકશાન કરી ભાગી જઈ ગુન્હો આચરતા અજાણ્યા શખ્સની શોધખોળ પછી સફળતા ન મળતા આ અંગે આખરે વિજયનગર પોલીસ મથકે ફરિયાદ નોંધવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સોયલા ફાટક નજીક બસને ટક્કર મારી ડમ્પર ચાલક ફરાર

ડીસા તાલુકાના સોયલાથી ભીલડી રેલ્વેફાટક તરફ જતા રસ્તામાં માણકી વાયા પેપળુ,ભીલડી થઈ ડીસા તરફ જતી પેસેન્જર બસને વહેલી સવારે ભીલડી તરફથી ઓવરલોડ રેતી ભરેલ ડમ્પર ઘડાકાભેર અથડાતા બસમાં બેઠેલા પંદર જેટલા પેસેન્જરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. અકસ્માત બાદ ભાગી છૂટેલા ડમ્પર ચાલકનો બસ ડ્રાયવરે પીછો કરી ઝડપી પાડ્યો હતો. બસના આગળના ભાગે સાઈડ ગ્લાસ તેમજ નાનુ મોટુ નુકશાન થયેલ જ્યારે ડમ્પરનો પણ ડ્રાઈવર સાઈડનો દરવાજો બેન્ડ વળી ગયો હતો. ઉપરવાસમાં સિપુ ડેમ બંધાવાના કારણે વર્ષોથી સૂકી ભઠ બનેલી બનાસ નદીની રેતી બાંધકામ માટે શ્રેષ્ઠ ગણાય છે. જે રેતીની તસ્કરી કરી રેત માફિયાઓ ડમ્પરો મારફત છેક થરાદથી રાજસ્થાન લઈ જાય છે. તંત્રથી બચવા માફીયાઓ રેતી ભરેલા ડમ્પર ભીલડી નજીકના અરણીવાડાથી સોયલા ગામના 'શોર્ટકટ' રસ્તે નીકળતા હોય છે. જેના કારણે અવાર નવાર અકસ્માતો સર્જાય છે.

અરવલ્લી જિલ્લામાં શ્રમિક પરિવાર દ્વારા ૭ હજાર જેવી નજીવી રકમમાં

બાળકને વેચવા મુકવાનો મામલો : બાળકના પરિવારને ચાઈલ્ડ વેલ્ફેર કમિટી સમક્ષ રજૂ કરાયો

ઉછીના પૈસા માટે રૂ. ૭ હજારમાં બાળકને માટે કામ અર્થે રાખ્યું હતું : બાળકની માતા

બાયડ, હિંમતનગર, તા.૧૦

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના વાંકાનેડા ગામના શ્રમીક પરીવારને કોરોના કાળમાં આર્થિક સંકમણમાં પડતા અને બાળકની માતાને હૃદયરોગની તકલીફ માટે નાણાંની જરૂરિયાત ઉભી થતા તેમના વ્હલા સોયા ૧૦ વર્ષીય પુત્રને મોડાસા તાલુકાના ખંભીસર નજીક ખુલ્લા મેદાનમાં વર્ષોથી ઝુંપડા બાંધી રહેતા અને ઘેટાં બકરા ચરાવતા પરિવારને ૭ હજાર રૂપિયામાં વેચી દીધું હતું. સમગ્ર ઘટનાનો પર્દાફાશ અગમ ફાઉન્ડેશનના હેતલ પંડ્યાની જાગૃતતાથી બહાર આવ્યો હતો. અને અગમ ફાઉન્ડેશને બાળ સુરક્ષાના સહયોગથી બાળકને રેસ્ક્યુ કરી બાળ સુરક્ષા કેન્દ્ર ખાતે મોકલી આવ્યો હતો ત્યારબાદ

બાળકના માતા-પિતાનો સંપર્ક કરતા માતા-પિતા દોડી આવ્યા હતા. બાળ સુરક્ષા વિભાગે માતા-પિતાનું કાઉન્સલિંગ કરતા કોરોના કાળમાં આર્થિક સંકડામણના લીધે બાળક વેચવા મજબુર બન્યા હોવાનું જણાવ્યું હતું. બીજી બાજુ બાળકને ખરીદનાર પરિવાર ફરાર થઈ ગયો હતો

શ્રમિક પરિવાર દ્વારા રૂ. ૭ જેવી નજીવી રકમમાં બાળકને વેચવા મુકવાનો મામલા પ્રકરણમાં ગંભીરતા દાખવી બાળ સુરક્ષા એકમ ના અધિકારીઓ દ્વારા આજે સી.ડબલયુ.સી સમક્ષ બાળકના કેસ સંદર્ભે બાળકના માતા-પિતા તથા બાળકને વેચાણ લેનાર બંને પાર્ટીઓ ને બોલાવવામાં આવી હતી જેમાં બાળ સુરક્ષા એકમ ના અધિકારી અજીતસિંઘે વધુમાં જણાવ્યું હતું કે, બંનેના નિવેદનો લઈ તેમને શાંતિપૂર્વક સાંભળવામાં આવ્યા હતા જેમાં બાળ સુરક્ષા અધિકારીઓ ના જણાવ્યા મુજબ બાળકના માતા-પિતા તથા બાળકને વેચાણ લેનાર બંને પાર્ટીઓ ને બોલાવવામાં આવી હતી.

બાળકના માતા-પિતા ની પરિસ્થિતિ અત્યંત ગરીબ છે અને સ્થળાંતરિત જીવન ગુજરાતીને રોજગારી મળી રહે તે માટે આમથી તેમ જતા હતાતેમજ બાળકની માતાને વાલ ની બીમારી હોવાથી ઉછીના પૈસા લીધા હોય તેવું હાલ ના ધોરણે લાગી રહ્યું છે પરંતુ સત્યતા તપાસતા હજુ બીજી વખત અમે તેમને બોલાવીશું તેમજ બાળકના સંદર્ભી હજુ વધુ તપાસ ચાલુ છે તપાસ દરમિયાન પૂર્ણ સાધનિક પુરાવાઓ હજુ મળ્યા નથી માટે બાળકની હિંમતનગર ખાતે મોકલી આપવામાં આવેલ છે અને આગામી ૨૪ માર્ચે બાળકના પુનઃસ્થાપન અંગે નિર્ણય લેવામાં આવશે

ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેન શું ? કહે છે

આ અંગે વધુ વિગતો મેળવવા માટે વાલીના ઘરનો સંપર્ક કર્યો અને જ્યાંથી બાળક મળ્યું હતું તેને પણ અમને જાણ કરી હતી અને બંને લોકોને કમિટી સમક્ષ બોલાવ્યા હતા જેમાં બાળકના વાલી અને તેના દાદા હાજર રહ્યા હતા પરંતુ વાલી પાસે બાળકના કોઈ આધાર પુરાવા ન મળતા અને બાળક જ્યાંથી મળી તું તે વ્યક્તિને પણ બોલાવી ને સાંભળવામાં આવતા તેમના દ્વારા પણ યોગ્ય દિશામાં સ્પષ્ટતા સાચી રીતે કરી શક્યા નથી એટલા માટે હાલના સંજોગોમાં બાળકને હિંમતનગર મુકામે રાખવામાં આવશે અને જરૂરી આધાર પુરાવા મળી રહેતા બાળકને પુનઃ સ્થાપન કરવામાં આવશે પરંતુ હાલ પૂરતું કોઈ નિર્ણય થઈ શક્યો નથી જેથી આગામી ૨૪ માર્ચે બાળકના પુનઃસ્થાપન અંગે નિર્ણય લેવાશે

વૃક્ષોને નુકસાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આરક્ષિત વિસ્તારમાં પણ સુકા પાંદડા સળગાવી સ્થાનિક તત્વોએ હરિયાળા વૃક્ષોને પણ નુકશાન પહોંચાડ્યુ હતુ જેના લીધે પ્રકૃતિ પ્રેમીઓએ રોષની લાગણી વ્યકત કરી હતી. જયારે નાના ગ માર્ગ પર સે-૧૨ અને સે૧૩ ની ચોકડી પાસે પણ જાહેરમાં કચરો સળગાવી વાતાવરણ પ્રદુષિત કરવામાં આવ્યુ હતુ. હરિયાળા વૃક્ષોની વચ્ચે પથરાયેલા સુકા પાંદડાઓમાં આગ લગાવાતા વૃક્ષોના મુળિયાને પણ નુકશાન થયુ હતુ. શહેરમાં પાનખરના સમયગાળા દરમિયાન આમ પણ કચરો સળગાવાની હરકત વારંવાર થતા વનતંત્રએ આવા તત્વોને ઝડપીને કડક કાર્યવાહી હાથ ધરવાની રજુઆત પણ પ્રકૃતિ પ્રેમીઓએ કરી છે.

ઠેર ઠેર ઉકરડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ આ કચરાપેટીમાંથી સમયસર કચરો ખાલી ન કરાતા ગંદકીથી લથબથ કચરાપેટી પાસે બહાર ઉકરડો ઉભો થાય છે. આ કચરાપેટીમાં રખડતા પશુઓ પણ ડોકીયા કરી જતા આસપાસના વિસ્તારમાં પણ ગંદકી પ્રવર્તે છે. કોર્પોરેશન કક્ષાએ અનેકવાર સ્થાનિકોએ રજુઆત કરવા છતા હજુ સુધી કચરા પેટી નિયમિત સાફ થતી નથી. સેકટરોમાં જેમ ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવા માટે નિયમિત વ્યવસ્થા ગોઠવાઈ છે. તે મુજબ સેકટરોમાં સ્થિત કચરા પેટીમાંથી કચરો એકત્રિત કરવા માટે પણ યોગ્ય આયોજન થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. સે-૧૧ માં પણ અખબાર ભવન પાસે કચરા પેટી વારંવાર ગંદકીથી ખદબદતી જોવા મળે છે. જેના લીધે કચરો પણ બહારની બાજુ પડતા નજીકમાં ઉકરડો અસ્તિત્વમાં આવ્યો છે. આ ઠેકાણેથી કચરાનુ કન્ટેઈનર અન્ય જગ્યાએ ખસેડવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે.

ભેજ ભરખી ગયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ગટર લાઈન લીકેજીસ હોવાના લીધે દુષિત પાણીના ભરાવા વચ્ચે અસહ્ય દુર્ગંધ અને ગંદકીની સમસ્યા પણ સ્થાનિકોને સતાવી રહી છે. આ ઉપરાંત આવાસના બિલ્ડીંગની દીવાલોને પણ ભેજ ભરખી ગયો છે. આવાસોમાં ઠેર ઠેર ભેજ આવતા લાખોની કીંમત ચુકવીને આવાસ ખરીદનારા લાભાર્થીઓની હાલત દયાજનક બની છે. આવાસ યોજનાનુ કામ પુર્ણ થયા બાદ ટુંકા ગાળામાં જ આવાસોની હાલત અત્યંત કંગાળ બનવા તરફ છે. ત્યારે ગુડાના આવાસમાં રહેતા પરિવારજનો પણ દુવિધાઓથી ઘેરાતા આ મુંઝવણ દુર કરવા માટે તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી છે. ગુડાની આવાસ યોજનાને અનુલક્ષી ફાયર એન ઓ સીના પણ હજુ ઠેકાણા નથી . ગુડાના અધિકારીઓ પણ સ્થળ મુલાકાત લેતા નથી જયારે જાળવણીનુ કામ સંભાળતા સુપરવાઈઝર તેમજ સંબંધિત એજન્સી પણ રહીશો સાથે ઉદ્ધત વર્તન કરી ફરિયાદનો નિકાલ કરવામાં રસ લેતા નથી જેના લીધે રહીશોની હાલત દયાજનક બની છે.

મુખ્યમંત્રી પદે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર બેસીને ભોજન કર્યુ. ટ્રેનમાં થર્ડ ક્લાસમાં યાત્રા કરી જેથી મને પ્રેરણા મળી. મારી સફળતામાં સંઘમાંથી પ્રેરણા મળી. પત્ની, માતા-પિતા બધા સાથે છે.

આ પહેલા ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાયા બાદ તીરથ સિંહ રાવતે કહ્યુ, તમારા લોકોના આશીર્વાદથી અહીં સુધી પહોંચ્યો છું. હું નાના ગામમાંથી આવ્યો છું. ક્યારેય વિચાર્યુ નહતું કે મુખ્યમંત્રી બનીશ .આજે પણ કહી શકુ છું કે જે મોટી જવાબદારી આપી મેં તેને નિભાવી. આજે પણ જે જવાબદારી આપવામાં આવી છે, તમારા સહયોગથી તેને નિભાવીશ. પ્રદેશના સારા માટે કામ કરીશ, ટીમ ભાવનાથી આગળ વધીશું. ત્રિવેન્દ્ર જીએ જે પ્રદેશનો વિકાસ કર્યો છે, છેલ્લા ૧૦ વર્ષમાં આવુ કામ થયું નથી. હું તેને આગળ લઈ જવાનો છું.

તીરથ સિંહનો જન્મ ૯ એપ્રિલ ૧૯૬૪ના પૌડી ગઢવાલમાં થયો હતો. વર્તમાનમાં તેઓ પૌડી લોકસભા સીટથી સાંસદ છે. આ પહેલા તેઓ ચૌબટ્ટાખાલ વિધાનસભા સીટથી ધારાસભ્ય રહી ચુક્યા છે. તેઓ ભાજપના રાષ્ટ્રીય સચિવ પણ છે.

હંગામો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પેટ્રોલ અને ડિઝલના ભાવ ક્રમશઃ ૨૬ જૂન, ૨૦૧૦ અને ૧૯ ઓક્ટોબર, ૨૦૧૪થી નિયંત્રિત થઈ ગયા હતા. રિટેલરોએ 'આંતરરાષ્ટ્રીય ઉત્પાદનોના ભાવ, રુપિયાના વિનિમય દર, કરનું માળખું તેમજ અન્ય ખર્ચ તત્વો'ની સાથે ભાવ નક્કી કર્યા હતા.

રિટેલ ભાવ પ્રમાણે, ૨૦૧૩માં ઈંધણના વેચાણથી થયેલી આવક ૫૨,૫૩૭ કરોડ રૂપિયા હતી, જે ૨૦૧૯-૨૦માં વધીને ૨.૧૩ લાખ કરોડ થઈ હતી અને માત્ર ૧૧ મહિનામાં જ એટલે કે ૨૦૨૦-૨૧માં તે ૨.૯૮ લાખ કરોડ થઈ છે.

પેટ્રોલ પર ૩૨.૯૦ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ પર ૩૧.૮૦ રૂપિયા પ્રતિ લિટર એક્સાઈઝ ડ્યૂટી લાગે છે. ૨૦૧૮માં પે